ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨
E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ E.C.-Minuits-18th Mar'/૨૦૧૧/ ૪૩૩ થી ૪૪૩ તા. ૨૪ /૦૩/'૧૧

પ્રતિ,
એક્ઝિક્યુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ...

**વિષય :** તારીખ ૧૮મી માર્ચ '૨૦૧૧નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને **તારીખ ૧૮મી માર્ચ '૨૦૧૧**ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

B.S. Patel

I/C **કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૧૮/૦૩/'૧૧ના રોજ સવારે ૧૧ : ૦૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ :

Krantiguru Shyamji Krishna Verma Kachchh University Bhuj-Kachchh 370001

આજ રોજ તા.૧૮/૦૩/'૧૧નાં સવારે ૧૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકાર્યા તથા યુનિવર્સિટીની પ્રથમ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની આ છેલ્લી મિટિંગ છે તો હું તમામ એક્ઝિક્યુટીવ કાઉન્સિલ મેમ્બર્સનો શ્રી મુકેશભાઈ ઝવેરી, ડૉ. દર્શનાબેન સી.ધોળકિયા, ડૉ.બી.એસ.પટેલ, ડૉ. તુષારભાઈ આર. હાથી, શ્રી મહેશભાઈ સી. આહિર, શ્રી શ્રવણસિંહ એસ. વાઘેલાનો સહયોગ પ્રાપ્ત થયો છે તે બદલ સૌનો આભાર માનું છું એમ કહી આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. એસ.જી. યાદવ.<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભુજ | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર રાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ<br>એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી.<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભુજ. | ગેરહાજર |
| ડૉ. દર્શનાબેન સી.ધોળકિયા.<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, | હાજર |
| ડૉ.બી.એસ.પટેલ.<br>પ્રોફેસર એન્ડ હેડ, શિક્ષણશાસ્ત્ર ભવન, | હાજર |
| ડૉ. તુષારભાઈ આર. હાથી.<br>રીડર, અર્થશાસ્ત્ર ભવન, | હાજર |
| શ્રી મહેશભાઈ સી.આહિર.<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ. | હાજર |
| શ્રી શ્રવણસિંહ એસ. વાઘેલા.<br>ભુજ–કચ્છ. | હાજર |
| ડૉ.બી.એસ.પટેલ. મેમ્બર સેક્રેટરી<br>(આઈ.સી. કુલસચિવશ્રી, કચ્છ યુનિવર્સિટી) | હાજર |

**૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી :**

**ઠરાવ : ૧ :** ગત તારીખ ૧૦–૨–૨૦૧૧નાં રોજની બેઠકની મિનિટ્સને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

Shyamji Krishna Varma Kachchh University
BHUJ-Kachchh
370001

**૨. કેન્ટીન શરૂ કરવા મળેલ ટેન્ડરો સ્વીકૃત કરવા બાબત :**

યુનિવર્સિટી કેમ્પસનાં આવેલ કેન્ટીન કોન્ટ્રાકટ પધ્ધતિથી ચલાવવા માટે મંગાવવામાં આવેલ ટેન્ડરો પૈકી મહત્તમ આઈટમનાં વ્યાજબી ભાવો શ્રી કિશોર સોલંકીના હોવાથી તા. ૧૨/૩/૨૦૧૧ના રોજ મળેલ ફાયનાન્સ કમિટીના ઠરાવ અનુસાર તેમજ આજ રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટીગમાં જે આઈટમનાં ભાવ ઊંચા છે તે અંગે નેગોશિયેશન કરવા માટે બોલાવવામાં આવેલ હતાં પરંતુ તેઓ હાજર રહેલા નથી.વળી ટેન્ડર ભરનાર તમામ પાર્ટીઓ શૈક્ષણિક સંસ્થાઓમાં કેન્ટીન ચલાવવાના અનુભવ નથી તે જોતાં આવેલા ટેન્ડરો રદ કરીને નવેસરથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાનું ઠરાવવામાં આવ્યું.

**૩. યુનિવર્સિટીની સ્થાવર તથા જંગમ મિલ્કતોની સાર સંભાળ માટે સ્કિયૂરીટી સેવા મેળવવા સંબંધે ટેન્ડર સ્વીકૃતિ અંગે આગળની કાર્યવાહી હાથ ધરવા બાબત**

યુનિવર્સિટીની સ્થાવર અને જંગમ મિલ્કતોની સાર સંભાળ માટે સિકયુરીટી સેવા મેળવવા સંબંધે મંગાવવામાં આવેલ ટેન્ડરની સ્વીકૃતિ અંગે તા. ૩૧/૧/'૧૧નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાનાં ઠરાવ : ૨૧થી નિયત થયા મુજબ લેબર કમિશ્નરની ઓફિસના અધિકારીની સલાહ લેવા નિમાયેલ સમિતિએ કરેલ લેખિક રજૂઆત અન્વયે તા. ૧૦મી ફેબ્રુઆરી ૨૦૧૧નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાનાં ઠરાવ નં. ૪થી નકકી થયા મુજબ લઘુતમ વેતનની બાબતે લેબર લોની પ્રેક્ટિસ કરતા ખ્યાતનામ વકીલની સલાહ લીધા પછી આગળની કાર્યવાહી હાથ ધરવાનું નકકી થયું હતું. આ બાબતે સ્થાનિક વકીલશ્રી બહાદૂરસિંહ જાડેજાનો લીગલ ઓપિનિયન મેળવવામાં આવ્યો હતો. લીગલ ઓપિનિયન મુજબ લઘુતમ વેતનથી નીચેનાં ભાવો ભરનાર એજન્સીઓનાં ટેન્ડર સ્વીકારી શકાય નહી.આ બાબત તા.૧૨/૦૩/૨૦૧૧ની ફાયનાન્સ સમિતિ સમક્ષ રજૂ કરવામા આવી. શ્રમ આયુકત કચેરી આદીપુર પાસેથી લઘુતમ વેતન માટેના મળેલા પરિપત્ર અને ટેબલ જોઈને ગણતરી કરતાં રૂા.૪૨૪૨/–થાય. લીગલ ઓપિનિયન અનુસાર આ ભાવોથી નીચા ભાવો સ્વીકાર્ય બનતા નથી. લીગલ ઓપિનિયન મુજબ જે એજન્સીના ભાવો સ્વીકૃત છે તેમાંથી પૈકી સૌથી નીચા ભાવો વાળા ક્રમાંક ૧૨ વાળી એજન્સી રાજપૂત સિકયૂરીટી અમદાવાદને આજની તા. [illegible]/૦૩/૨૦૧૧ની એક્ઝિક્યુટીવ કાઉન્સિલ સમક્ષ રૂબરૂ બોલાવવામાં આવી. તેની સાથે ચર્ચા કરી નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૨ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની સ્થાવર તથા જંગમ મિલ્કતોની સાર સંભાળ માટે સિકયૂરીટી સંબંધે મંગાવાયેલ ટેન્ડરો પૈકી લીગલ ઓપિનિયન અને શ્રમ આયુકતના પરિપત્ર તથા લઘુતમ વેતનનાં કોષ્ટક પરથી ગણતરી કરતાં દરરોજ આઠ કલાકની સર્વીસ લેખે એક ગાર્ડનાં એક મહિનાના લઘુત્તમ દર ૪૨૪૨ રૂપિયા કે તેથી ઉપરનાં ભાવો ભરનાર પૈકી રાજપૂત સિકયૂરીટી અમદાવાદનાં ભાવો નીચા હોતા તેમની સાથે થયેલ રૂબરૂ ચર્ચાને અનુસાર નીચેની શરતો ૧) ગાર્ડ ૨૫ થી ૫૦ વર્ષની ઉંમરના હશે. ૨) ગાર્ડસને લઘુતમ વેતન ચૂકવવાનું અને ઈ.પી.એફ.કાપ્યાનું પ્રમાણપત્ર દર મહિને પગારપત્રક સાથે યુનિવર્સિટીને આપવાનું રહેશે. ૩) ગાર્ડ તાલીમ પામેલા હશે. ૪) યુનિવર્સિટીના વિશિષ્ટ કાર્યક્રમોમાં વધારાની કોઈ રકમ ચૂકવ્યા વગર સિકયૂરીટી આપશે. ૫) મોબાઈલ તથા વિહિકલ સાથેના સુપરવાઈઝર એજન્સી પોતાના ખર્ચ અને જોખમે રાખશે. ૬) તે ઉપરાંત ટેન્ડરમા જણાવેલ બધી શરતોનું પાલન કરશે તે શરતે તેમણે ટેન્ડરમા ભરેલ ભાવો માસિક એક ગાર્ડ એક શીફટના રૂા. ૪૮૧૯.૨૦/–નાં દરે એક વર્ષ**

માટે સિકયૂરીટી પૂરી પાડશે તેવું સર્વાનુમતે ઠરાવવામા આવે છે.તથા રાજપૂત સિક્યુરીટી અમદાવાદને વર્કઓર્ડર આપવાનું ઠરાવવામાં આવે છે.

Kranti guru Shyamji Krishna Verma Kachchh University Bhuj-Kachchh 370001

**૪. યુનિવર્સિટી માટે સ્ટેશનરી પૂરી પાડવા અને પ્રિન્ટીગ કામગીરી કરી આપવા મંગાવેલ ટેન્ડર અન્વયે આગળ કાર્યવાહી હાથ બાબત :**

યુનિવર્સિટીમાં સ્ટેશનરી પૂરી પાડવાનાં ટેન્ડરો ભરીને આવ્યા હતા તે પૈકી તા.૧૨/૩/૨૦૧૧ની ફાઈનાન્સ કમિટીના ઠરાવ –૨નો સ્વીકાર કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ : ૩ :</u>** સ્ટેશનરીની વાર્ષિક જરૂરિયાતને ઘ્યાને લઈને મંગાવેલાં ટેન્ડરો ભરનાર પૈકી ત્રણ પાર્ટીનાં ભાવો જુદી જુદી આઈટમમાં નીચા હોતા કોઈ એક જ પાર્ટીને કોન્ટ્રાકટ આપવો શકય ન હોવાથી જે જે આઈટમના ભાવ નીચા હોય તે તે પાર્ટીનાં ભાવો મંજૂર રાખી ૧. મહેશ્વરી મેન્યુફેકચર,ભુજ ૨. દર્શન બુક સ્ટોર ભુજ અને ૩.પાર્થ પ્રિન્ટર્સ એન્ડ સ્ટેશનર્સ, નખત્રાણાને વાર્ષિક કોન્ટ્રાકટ આપવાનું સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું.

યુનિવર્સિટીનાં પ્રિન્ટીગ કામ માટે વાર્ષિક રેઈટ કોન્ટ્રેકટ નકકી કરવા બાબત બહાર પાડેલ ટેન્ડર ભરનાર પૈકી સનરાઈઝ, ભુજનાં ભાવો સૌથી વધુ આઈટમમાં નીચા હોતા તા.૧૨/૩/૨૦૧૧ની ફાયનાન્સ સમિતિએ આજની એકિઝકયુટીવ કાઉન્સિલ સમક્ષ તે પાર્ટી સવિતાબેન શાહને નેગોશિયેશન માટે બોલાવવા જણાવ્યુ હતુ તે પાર્ટી સાથે ચર્ચા કરતાં પાર્ટીએ જે જે આઈટમમાં તેના ભાવો ઊંચા છે તે તે આઈટમમાં નીચા ભાવ ભરનાર જેટલા ભાવોએ કામગીરી કરી આપવાનું સ્વીકાર્યુ.

**<u>ઠરાવ : ૪ :</u>** આથી ઠરાવવામાં આવે છે કે સનરાઈઝ ઓફસેટ,ભુજનાં પ્રિન્ટીગના ટેન્ડરમાં સૌથી વધુ આઈટમમાં નીચા ભાવો છે તે ભાવોનો સ્વીકાર કરવામાં આવે છે. તથા પાર્ટીએ એકિઝકયુટીવ કાઉન્સિલ સમક્ષ ચર્ચા કરીને સ્વીકારેલ છે તે અનુસાર જે જે આઈટમમાં તેનાં પ્રિન્ટીગના ભાવો ઊંચા છે તે ભાવો અન્ય નીચા ભાવો ભરનારની સમકક્ષ સ્વીકારશે તે શરતે ટેન્ડરની શરતોને આધીન એક વર્ષ માટે રેટ કોન્ટ્રેકટ સર્વાનુમતે મંજૂર કરવામા આવ્યુ.

**૫. શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી નવા જોડાણ તરીકે અભ્યાસક્રમો શરૂ કરવા સંબંધે નીડ કમિટીએ કરેલ ભલામણ બાબત :**

**<u>ઠરાવ : ૫ :</u>** શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી નવા જોડાણ તરીકે અભ્યાસક્રમો શરૂ કરવા માટેની આવેલ અરજીઓ અંગે ગત તા. ૧૦/૨/૨૦૧૧ની એકિઝકયુટીવ કાઉન્સિલની મિટીગના ઠરાવ–૦૬થી નિયત થયા મુજબ રચવામાં આવેલ નિડ કમિટીની તા. ૧૨/૩/૨૦૧૧ની મિટીગમાં કરવામાં આવેલ ભલામણો સર્વાનુમતે સ્વીકારવાનું ઠરાવવામાં આવે છે તથા નીડ કમિટીની ભલામણ અનુસાર યુનિવર્સિટીમાં જે કોર્સ ચાલતો હોય તે કોર્સ ભુજના વિસ્તારમાં શરૂ કરી શકાય નહી તે ઘ્યાને લેતાં યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૧–૧૨થી

**P.G.D.C.A.** કોર્સ શરૂ થનાર હોય તે કોર્સ ચલાવવા ભુજ વિસ્તારમાંથી જે અરજીઓ મળેલ હોય તે અરજીઓ ઉપર આગળની કાર્યવાહી કર્યા વગર જ અરજી સાથે ભરેલ ફી પરત કરી દેવી તેવું ઠરાવવામાં આવે છે.

Shri Krishna Verma Kachchh University Bhuj-Kachchh 370001

**૬. યુનિવર્સિટી દ્વારા યોજાતામાં આવતી પરીક્ષાઓ સંબંધી જુનિયર સુપર વિઝનની કામગીરીનું મહેનતાણું વધારવા બાબત :**

**<u>ઠરાવ : ૬ :</u>** આથી ઠરાવવામાં આવે છે કે, પ્રેક્ટીકલ પરીક્ષામાં કાર્ય કરનાર પ્રેક્ટિકલ ઈન્ચાર્જ, એક્ષ્પર્ટસ, આસીસ્ટન્ટ, લેબ સુપરવાઈઝર, લેબ આસીસ્ટન્ટ ( એમ.સી.એ. , બી.સી.એ. એન્જીનિયરિંગ), લેબ આસીસ્ટન્ટ (આર્ટસ, કોમર્સ સાયન્સ), ગેસ મીકેનિક, ઈલેકટ્રીશિયન, સ્ટોરકીપર, પ્લાન્ટ કલેકટર, હમાલ / પટ્ટાવાળા તથા થિયરીની પરીક્ષામાં કાર્ય કરનાર સુપરવાઈઝર, ફેકટોટમ, જુનિયર સુપરવાઈઝર, રીલીવર,સ્ટેશનરી સુપરવાઈઝર,લેડીસ સુપરવાઈઝર, વર્ગ–૪માં પટ્ટાવાળા, સનીયર વોટરબોય, વોટર બોય,બેલમેન,સ્વીપર, પેકિંગ પ્યુન, વોચ મેન અને નંબરીગનાં મહેનતાણામાં પ્રવર્તમાન મહેનતાણાં ઉપર ૨૫% નો વધારો કરવાનું સર્વાનુમતે સ્વીકારવામાં આવે છે.

**૭. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

**(૧) સામાજિક વનીકરણ વિભાગ,ભુજનાં સહયોગથી યુનિવર્સિટીની જમીનમાં વનીકરણ કરવા માટે પાંચ એકર જમીન પર વૃક્ષારોપણ કરી કેમ્પસને હરીયાળુ બનાવવા અંગે વિચારણા કરીને નિર્ણય લેવા બાબત :**

**<u>ઠરાવ : ૭ :</u>** આથી ઠરાવવામાં આવે છે કે, સામાજિક વનીકરણ વિભાગ, ભુજને યુનિવર્સિટીની ૨૦૫ એકર જમીન પૈકી પાંચ એકર જમીન વૃક્ષારોપણના હેતુસર આ જમીન અને તેમાં ઊભુ કરવામાં આવેલુ વન સંપૂર્ણ પણે યુનિવર્સિટીની માલિકીનું રહેશે તે શરતે ફાળવવા સર્વાનુમતે નકકી થયું.

**(૨) ઓર્ડિનન્સ ૮૫ – ૮૬ માં જણાવ્યાનુસાર વિદ્યાર્થીઓની હાજરી બાબત :**

**<u>ઠરાવ : ૮</u>** યુનિવર્સિટીનાં ઓર્ડિનન્સ ૮૫ – ૮૬ મુજબ અનુસ્નાતક રેગ્યુલર વર્ગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીને પરીક્ષામા બેસવા માટે સત્રની હાજરી ૭૫% હોવી જરૂરી છે. બન્ને સત્રની સંયુકત હાજરી ૬૫% થવી જરૂરી છે. અન્ય પ્રવૃત્તિ સ્પોર્ટસ વગેરેમાં જોડાનાર વિદ્યાર્થીની હાજરી ૪૫% હોવી જરૂરી છે.**M.B.A.** ના છેલ્લા સત્રમાં વિદ્યાર્થીને પ્લેસમેન્ટ મળે તો પ્લેસમેન્ટના સ્થળે પ્રોજેકટ કરે અને તે પ્રોજેકટ વિભાગમાં સબમિટ કરે અને સંસ્થા તે પ્રોજેકટ તેની સંસ્થામાં કરેલ છે તેવું પ્રમાણપત્ર આપે તો કોર્સમાં પ્રોજેકટ કાર્ય માટે નકકી થયેલા દિવસો જેટલી હાજરી માન્ય રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

(૩) કોર્ષને ઈ–કન્ટેન્ટમાં કનવર્ટ કરાવવા બાબત :

<u>ઠરાવ : ૯ :</u> યુનિવર્સિટીના ભવનોમા ચાલતા કોર્સિસનાં કન્ટેન્ટને ઈ–કન્ટેન્ટમાં પરિવર્તન કરવાની પ્રોત્સાહક યોજના મુજબ એક સત્રનાં કોર્સને ૪૦ કલાકમાં વહેચીને તેનું ઈ–કન્ટેન્ટ તૈયાર કરે તે અધ્યાપકને એક કલાકનાં કન્ટેન્ટ દીઠ ૫૦૦ રૂપિયા પરિશ્રમિક આપવું. આ રીતે તૈયાર કરેલા ઈ – કન્ટેન્ટનો **Open Source** તરીકે યુનિવર્સિટી ઉપયોગ કરી શકે.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

B. S. Patel

(ડૉ. બી. એસ. પટેલ)
ઈન્ચાર્જ-કુલસચિવ
ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા
કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ.